ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ તરફથી વિઝા બુલેટિનનું અપડેટ

ઈબી ચીન અને ભારતઃ ઈબી-૧ ચીન અને ઈબી-૧ ભારત (પહેલી જાન્યુઆરી, ૨૦૧૨) માટેની ફાઈનલ એક્શન ડેટ જૂન, ૨૦૧૭માં લાદવામાં આવી હતી જે જુલાઈ,


માઈકલ ફુલવાની


ડેવિડ એચ. નાચમેન


લુડંકા ઝિમોવચાક

૨૦૧૭ સુધી ચાલુ રહેશે અને આ નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રહેવાની ધારણા છે. આ કેટેગરીઓમાં (મે માસ સુધી) 'અન્ય ન વપરાયેલી વિઝા સંખ્યા'ની ઉપલબ્ધિના કારણે આ નાણાકીય વર્ષ દરમિયાન ઈબી-૧ ચીન ૬૩૦૦ નંબરથી વધુ સંખ્યાનો અને ઈબી-૧ ભારતે ૧૨,૯૦૦થી વધુ સંખ્યાનો ઉપયોગ કર્યો છે.

ઈબી-૨ વર્લ્ડવાઈડઃ મે માસના બીજા પખવાડિયામાં માગમાં થોડો ઘટાડો થયો છે અને જૂનના પ્રથમ અઠવાડિયામાં માગ સ્થિર રહી છે. ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે જુલાઈમાં ઈબી-૨ વર્લ્ડવાઈડ કરન્ટ સ્થિતિ જાળવી રાખવામાં રાહત અનુભવી હતી. આ કેટેગરીમાં ઓગસ્ટમાં ફાઈનલ એક્શન કટ-ઓફ ડેટ લાગુ કરાશે. આ કેટેગરી માટે સારા સમાચાર એ છે કે પહેલી ઓક્ટોબર, ૨૦૧૭થી તે ફરીથી 'કરન્ટ' બનશે.

ઈબી-૨ ભારતઃ જુલાઈમાં ઈબી-૨ ઈન્ડિયા માટે ફાઈનલ એક્શન ડેટ ૨૨મી જુલાઈ, ૨૦૦૮થી ત્રણ અઠવાડિયાં એડવાન્સ રહેશે. બાકીના નાણાકીય વર્ષ દરમિયાન આ કેટેગરીમાં ન્યુનતમ પ્રગતિ થવાની ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટને ધારણા છે. આ નાણાકીય વર્ષ માટેનો શ્રેષ્ઠ સિનારિયો સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર, ૨૦૦૮ની ફાઈનલ એક્શન ડેટ હશે.

ઈબી-૨ ચીન અને ઈબી-૩ ચીનઃ આ નાણાકીય વર્ષમાં પ્રથમ વાર, ઈબી-૨ ચીન માટે ફાઈનલ એક્શન ડેટ ઈબી-૩ ચીન માટેની ફાઈનલ એક્શન ડેટ કરતાં પછી છે. ઈબી-૨ ચીન ૨૨મી માર્ચ, ૨૦૧૩થી ત્રણ અઠવાડિયાં એડવાન્સ જુલાઈમાં છે. આ કેટેગરીમાં ધીમી પ્રગતિ થવાની આશા ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ રાખે છે. તેનાથી સાવ વિરુદ્ધ, ઈબી-૩ ચીન પહેલી જાન્યુઆરી, ૨૦૧૨થી ત્રણ માસ પાછી જુલાઈમાં જશે, જેના પરિણામે ઈબી-૩ની મહત્ત્વપૂર્ણ સંખ્યા ઊતરતી જશે. ઈબી-૩ ચીન અન્ય કામદારો માટેની ફાઈનલ એક્શન ડેટ ૧૫મી જુલાઈ, ૨૦૦૬ છે અને આ તારીખ ઓગસ્ટમાં પાછી જઈ શકે છે.

ઈબી-૩ ચીન માટે, પહેલી જાન્યુઆરી, ૨૦૧૨ની ફાઈનલ એક્શન ડેટ આ નાણાકીય વર્ષના અંતમાં જળવાઈ રહેશે, પરંતુ પહેલી ઓક્ટોબર, ૨૦૧૪થી એડવાન્સ રહેશે, જેની અસર પહેલી ઓક્ટોબર, ૨૦૧૭થી શરૂ થશે.

ઈબી-૩ ચીન માટે વાર્ષિક ફાળવણી ફક્ત ૨૩૦૦ની છે, કારણ કે ચાઈનીઝ સ્ટુડન્ટ પ્રોટેક્શન એક્ટને દર નાણાકીય વર્ષની રોજગાર-આધારિત વિઝા વાર્ષિક મર્યાદામાંથી એક હજાર સંખ્યાની જરૂર પડે છે. આ સંખ્યામાંથી ૩૦૦ સંખ્યા ૫ મર્યાદામાંથી કપાત થાય છે.

ઈબી-૩ વર્લ્ડવાઈડઃ જુલાઈમાં ઈબી-૩ વર્લ્ડવાઈડ કેટેગરી આઠમી જૂન, ૨૦૧૭થી બે માસથી ઓછા સમયગાળામાં એડવાન્સ રહેશે, જે આ કેટેગરીને 'કરન્ટ' રાખશે.

ઈબી-૩ ભારતઃ જુલાઈમાં ઈબી-૩ ભારત ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૫થી પાંચ માસ દરમિયાન એડવાન્સ રહેશે. ઈબી-૩ વર્લ્ડવાઈડ માટે 'અન્ય ન વપરાયેલી સંખ્યા'ને અગ્રિમ તારીખના આધારે ફાળવવામાં આવશે.

ઈબી-૫ ચીનઃ જુલાઈમાં ઈબી-૫ ચીન માટે ફાઈનલ એક્શન ડેટ આઠમી જૂન, ૨૦૧૪ રહેશે અને ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટને આ કેટેગરી ઓગસ્ટ માટે એક અઠવાડિયું એડવાન્સ રહેવાની ધારણા છે.

એફબી-૪ વર્લ્ડવાઈડઃ જુલાઈમાં ઈબી-૪ વર્લ્ડવાઈડ માટે ફાઈનલ એક્શન ડેટ આઠમી મે, ૨૦૦૪ રહેશે. આ નાણાકીય વર્ષ પછી આ કેટેગરી એડવાન્સ રહેવાની ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટને ધારણા છે. એનવીસી 'એજન્ટ ઓફ ચોઈસ'ના પત્રોના પ્રતિભાવનો દર આ અને સૌથી વધુ પરિવાર-આધારિત કેટેગરીમાં ૫૦ ટકાથી ઓછો છે. એપ્રિલ, ૨૦૧૬ અગાઉ જેમને 'એજન્ટ ઓફ ચોઈસ'ના પત્રો મળ્યા હોય, તેમાંના એક લાખથી વધુના ઈન્ટરવ્યુ એપ્રિલ, ૨૦૧૭ સુધીમાં ગોઠવવામાં આવ્યા હોઈ શકે છે.

ખાસ વસાહતીઓઃ ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫ની ફાઈનલ એક્શન ડેટ, જુલાઈમાં ઈબી-૪ ભારત માટે લાગુ કરાશે. આ તારીખ અલ સાલ્વાડોર-ગ્વાટેમાલા-હોન્ડુરાસ-મેક્સિકો માટે જુલાઈ ફાઈનલ એક્શન ડેટને અનુસરશે. ઓક્ટોબરમાં, ઈબી-૪ ભારત 'કરન્ટ' થવાની ધારણા છે. ઈબી-૪ માટે ફાઈનલ એક્શન ડેટ અન્ય દેશો માટે નાણાકીય વર્ષ ૨૦૧૮ સુધી ચાલુ રહેશે, કારણ કે મેક્સિકોની તારીખ અલ સાલ્વાડોર-ગ્વાટેમાલા-હોન્ડુરાસ કરતાં અલગ હોઈ શકે છે.

સવાલઃ ઈબી-૩ વર્લ્ડવાઈડ અને મેક્સિકોની માગ ધીમી છે, ત્યારે આ કેટેગરીમાં અન્ય ન વપરાયેલી સંખ્યા જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર (નાણાકીય વર્ષ ૨૦૧૭ના અંતિમ ત્રિમાસિક ગાળા)માં ઈબી-૩ ફિલિપાઈન્સ માટે ફાઈનલ એક્શન ડેટ 'એડવાન્સ તરીકે પણ ચાલુ રહેશે?

જવાબઃ જો ઈબી-૩ ફિલિપાઈન્સ 'એડવાન્સ' તરીકે ચાલુ રહેશે. આ કેટેગરીને વર્લ્ડવાઈડ ઈબી-૩ લિમિટ અંતર્ગત 'અન્ય ન વપરાયેલી સંખ્યા'માંથી કોઈ લાભ મળશે નહિ. આ ન વપરાયેલી સંખ્યાને પ્રતિ-દેશ મર્યાદા મુજબ અગ્રિમ તારીખ મુજબ ફાળવવામાં આવે છે.

જુલાઈ માટે, ઈબી-૩ ફિલિપાઈન્સ ૧૫ મે, ૨૦૧૪થી એક વર્ષ માટે 'એડવાન્સ' રહેશે અને આ નાણાકીય વર્ષના અંત અગાઉ પાનખર, ૨૦૧૫માં જે તારીખ આવશે તેનાથી 'એડવાન્સ' રહે તેવી સંભાવના છે.

યુએસ ઈમિગ્રેશન એન્ડ નેશનલિટીને લગતા કાયદાઓની તમારા પર, તમારા પરિવાર, તમારા મિત્રો, તમારાં સગાંસંબંધીઓ પર કેવી અસર પડી શકે છે તે વિશે વધુ માહિતી માટે તમે અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો અથવા નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઈલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો.